# હઝરત શહીદ હાજી પીર બાવા

(રહેમતુલ્લાહ અલયહે)




કિંમત રૂા. ૨

સંપાદક : પીરઝાદા સૈયદ દાદામીયાં શમ્સુદ્દીન કાદરી

પ્રકાશક : તરક્કીએ ઇસ્લામ
C/o કાજી એચ. જી.
મુ. પો. તેલાવ, વાયા સરખેજ તા. સાણંદ
જી. અમદાવાદ-૩૮૨૨૧૦

ફોન :- ૩૮૯૬૫૨

તરક્કી-ઓ-ઇન્આમ તેલાવ ને હાર્દિક શુભેચ્છાસહ

## નોબલ ટ્રેડર્સ

કોટન, કેનવાસ, અને તાડપત્રી ના વીક્રેતા

પાંચકુવા પોલીસ સ્ટેશન સામે. અમદાવાદ-૩૮૦૦૦૨

---

## મુસ્લીમ સીરાજી હોટલ

ખાસ બજાર, ફીશ મારકેટ, અમદાવાદ.

-: અમદાવાદ આવો ત્યારે પધારજો :-

હમારે યહાં છોટેકી ઔર બડેકી તરકારી, દાલ, રોટી

કઢી. બિરયાની: ચાવલ. તંદુરકી રોટી

હર ચીજ કિફાયત દામસે મિલેગી.

માલીક : હાજી અબ્દુલ રશીદ અન્સારી

---

કારોબારમાં તરક્કી એજ અહ્લાહ પાકની મેહરબાની

ખાસ બજારનું જુનું અને જાણીતુ

## ગુલશન પાન હાઉસ

પ્રો. નુરમીયાં રસુલમીયાં કડીવાલા

અદ્યતન સજાવટ સાથે આપની સેવામાં હાજર છે.

જ્યાંનો પાનનો સ્વાદ લેવો એ પણ

એક અનેરો લહાવો છે.

એક વખત અવશ્ય પધારો

ખાસ બજાર, ફીશ માર્કેટ, **અમદાવાદ**

---

દાઉદી વહોરાઓ નું માસીક "બોહરા ક્રોનીકલ"

આપને મંગાવવું છે? તો અમને લખો, આપને જરૂર મળશે.

૭૮૬/૯૨

# હઝરત શહીદ હાજી પીર બાવા
(રહેમતુલ્લાહ અલયહે)

સંપાદક : પીરઝાદા સૈયદ દાદામીયાં શમ્સુદ્દીન કાદરી
મુ. રૂપાલ વાયા. બાવલા જી. અમદાવાદ–૩૮૨૨૨૦

પ્રકાશક : તરક્કીએ-ઇસ્લામ
C/o કાજી એચ. જી.
મુ. પો. તેલાવ, વાયા સરખેજ તા. સાણંદ
જી. અમદાવાદ–૩૮૨૨૧૦

પ્રથમ આવૃતિ  નકલ = ૧ હજાર
ઈ.સ. ૧૯૮૪ હી. સ. ૧૪૦૪

કિંમત રૂા. ૨

મુદ્રક : અનવર કુરેશી
નુર પ્રિન્ટર્સ ૧૪૨૩, દરીયાપુર ડબગરવાડ,
નાની અલી પોળ, અમદાવાદ–૧.

# બે બોલ

નહમદોહુ વનોસલ્લી અલા રસૂલેહિલ કરીમ

સર્વ તારીફને લાયક અલ્લાહની ઝાત છે. અને કરોડો દરૂદો સલામ નઝિલ થાય અમારા આકા અને મૌલા હુઝુર પુરનૂર રહેમતે આલમ અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સ. અ. વ.) પર

અલ્લાહના ફરમાન મુજબ શહીદ ઝિંદા છે. તે વાત તો કુરઆને પાકથી સાબિત થઈ ચુકી છે. જેમાં કોઇ મુસ્લિમ તો શક કરી શકતો જ નથી. આ નાનકડી કિતાબમાં રૂપાલ (તા. ધોળકા) ના મહાન બુઝુર્ગ હઝરત શહીદ હાજી પીર બાવા (રહેમતુલ્લાઅલયહ) વિશે થોડીક માહિતી રજુ કરવામાં આવી છે.

"ગુજરાતની રસધાર" નામની ગુજરાતી પુસ્તકમાં "સૈયદની શહીદી" પ્રકરણમાં હઝરત શહીદ હાજીપીર બાવાની શહાદત ને બિરદાવી છે. અને આપની વિરતા તેમજ કૌમની હિફાઝત માટે આપેલી પ્રાણના બલિદાન ની મુકત કંઠે પ્રસંશા કરી છે.

હઝરત શહીદ હાજી પીર બાવા (રહેમતુલ્લાહ અલયહ) ની અનેક કરામતો આજે પણ જોવા મળે છે. આપના દર પર હાજર થનાર એક પ્રકારનો રૂહાની કૈફ મેળવે છે. આપના વસીલા થી માગેલી મુરાદો આજે પણ આપના અકીદતમંદો પામે છે.

અવલીયાએ કેરામની મહોબ્બત થી ઇમાન તાઝુ થાય છે. અને તેમના સાથે હુસ્ને અકીદત રાખવાથી ઇમાન મઝબુત બને છે. હાજી પીર બાવા વિશે પણ થોડીક ચર્ચા કરીને આપણે પોતાનું જીવન અને આખેરતને સુધારીએ. માનવ માત્ર ભુલને પાત્ર એ દ્રષ્ટિએ કોઇ ભુલ જણાય તો સુધારીને વાંચવા બિનંતી

રૂપાલ, તા. ધોળકા,      ખાકે પાએ બુઝુર્ગાં
વાયા : બાવલા ૩૮૨૨૨૦      સૈયદ દાદામિયાં એસ. કાદરી

તા. ૧-૬-૧૯૯૪

૭૮૬/૯૨

# આભાર અને અપીલ

અલહમ્દોલિલ્લાહ

વ્હાલા વાંચકો, આવી ગળાકાપ મોંઘવારી કે જેમાં કાગળના ભાવ આસમાને પહોંચેલા છે. અને પ્રિન્ટીંગ ખર્ચ અનહદ વધી ગયું છે તેવા કપરા સમયમાં ઈસ્લામી સાહિત્ય લોકો સમક્ષ રજૂ કરવું એ કેટલુ કઠીન કાર્ય છે. તે આપ સમજી શકો છો. આપની સંસ્થા "તરક્કીએ ઈસ્લામ તેલાવ" ને આપ મદદ નહિં કરો તો આ સંસ્થા કેવી રીતે ટકશે? આપનો સહકાર એજ અમારી સિધ્ધી છે.

આપના હાથમાં શોભી રહેલ કિતાબ અમારૂ આઠમું પ્રકાશન છે. અમારા પ્રકાશનો ઘણા મકબુલ થયા છે. પરન્તુ અમને આર્થિક સહકાર જોઈએ તેટલો મળ્યો નથી તે બદલ દિલગીર છીએ. અમારા પ્રકાશનોની કિંમત રાખવાનું મૂળ કારણ એજ છે કે જે પૈસા આવે તેમાંથી બીજા પ્રકાશનો બહાર પાડી શકાય. માટે આપને ખાસ વિનંતી કરવાની કે આપ આ સંસ્થાના સહાયક મેમ્બર બનો તેની વાર્ષિક ફી ફક્ત રૂા. ૧૨/– રાખેલ છે. આપની ઈમદાદ, ઝકાત અને જાહેરાત મોકલી આપી અમારી હિમ્મતમાં વધારો કરવા દર્દ ભરી અપીલ કરીએ છીએ. રકમ અમારા સરનામે મ. ઓ. થી અથવા ચેક કે ડ્રાફ્ટ થી પણ મોકલી શકો છો.

આ અઘરા કાર્યમાં સમયનો ભોગ આપી કોઈપણ જાતનું મહેનતાણું લીધા વિના કિતાબ તૈયાર કરનાર જાણીતા સંપાદક જનાબ પીરઝાદા દાદામિયાં એસ. કાદરી સાહેબ રૂપાલવાળા કે જેમની ઘણી કિતાબો, ગઝલો, ગોંડલ અને મોગલીની [illegible]

પણ પ્રસિધ્ધ કરી છે. તેમનો આભારી છું અને સુંદર માર્ગદર્શન આપનાર જનાબ અનવર કુરેશી (તંત્રી આબેહયાત) મનસુરી યુવક મંડળ વિસનગર, અને સંસ્થાના પ્રચારક જનાબ કાલુભાઇ કાસમભાઇ મલેક નદાણવાળા અને સજાવટ કર્તા રસુલભાઈ એચ. લાઠીવાલા (કડીવાલા) તેમજ આપ તમામ વાંચક મિત્ર, વહેપારીભાઇઓ, અને દરેક સહકાર આપનાર બિરાદરોનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

નીચેના સરનામેથી કિતાબો મંગાવો અને ઈમદાદ મોકલાવો

લિ. આપનો ઋણી
કાઝી એચ. જી.
તરક્કીએ ઈસ્લામ તેલાવ

મુ. તેલાવ તા. સાણંદ વાયા : સરખેજ જી. અમદાવાદ
પીન : ૩૮૨૨૧૦

---


ઘર ૮૭ દુકાન ૭૮

# શેખ બ્રધર્સ રંગુનવાલા

લગ્ન તેમજ શુભ પ્રસંગોમાં યાદગાર રૂપ બહેનોની આગવી પસંદગી એટલે

# નૂર મહેંદી

જે આપને પુરેપુરા રંગની ગેરંટી આપે છે. આજે જ વાપરી જુઓ.

ઉત્પાદક : શેખ બ્રધર્સ રંગુનવાલા
પ્રો. એમ. ઇકબાલ શેખ મુ. વાલોડ જી. સુરત

તા. ક. દરેક વેપારીભાઇઓને વિનતી કે હમારો મલ લઇને અમારા એજન્ટ ભાઈ આવે તો આપ એમને સહકાર આપશો.

# ફરમાને ઈલાહી

-: બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ :-

" વલા તકુલુ લે મૈંયુકતલો ફીસબી લિલ્લાહે અમ્વાત

બલ અહ્યા ઉંવલા કિલ્લા તશ્અોરૂન. "

અર્થ :– અને જેઓ અલ્લાહના માર્ગમાં માર્યા ગયા હોય (શહીદ થયા હોય) તેઓને મુર્દા ન કહો (મરેલા ન જાણો) બલકે તેઓ ઝિંદા (સજીવ) છે. પરન્તુ તે તમે નથી જાણતા.

[ પારા ૨, રૂકુઅ ૩ ]

# શાહીદ હાજી પીરની શહાદત

" તન વોહ હૈ કે જો જખ્મ તેરી રાહમેં ખાએ,

સર વોહ હૈ કે જો કટકે તેરે સામને આયે. "

મરાઠાઓના સામ્રાજ્યનો સૂર્ય જ્યારે સોળે કળાએ ઝગમગી રહ્યો હતો. પોતાની સત્તા અને હુકુમતના જોરે મરાઠાઓ નાના નાના રજવાડીઓને જેર કરીને પોતાનો વિસ્તાર વિકસાવી રહ્યા હતા. આ મરાઠાઓના કાને રૂપાલ ગામની જાહોજલાલીની રંગીન વાતો પડી. સાંભળતાની સાથે જ મરાઠાઓની નિય્યત બદલાઇ અને રૂપાલની સુખ શાંતિ સમૃધ્ધિને છીન્ન ભીન્ન કરવા ૨૦૦

મરાઠાઓના ઘોડાઓ રૂપાલને લુટવા આવી પહોંચે છે. ગામમાં ખબર પડતાની સાથે જ ગામ લોકો બીકના માર્યા નાશ ભાગ કરી મુકે છે. જેના હાથમાં જે આવ્યુ તે લઈને ગામ બહાર ભાગવાની ફીકરમાં હોય છે. સ્ત્રીઓ પણ આદમીઓની પછવાડે છોકરા લઈને ચાલતી થાય છે. ઘડી ભરમાં તો રૂપાલ ગામ ખાલીખમ થઈ જાય છે.

બરાબર એજ પળે રૂપાલની સીમામાંથી એક નવ યુવાન નાનકડી સુંદર દાઢી ધરાવતો ખુબસુરત ચહેરાવાળો ઘોડા પર સવાર થઈ ગામ ભણી આવતો હોય છે. ગામ છોડીને ભાગતા ગામ લોકોની સામે દિવાલ બની ને ઉભો રહે છે. અને કહે છે, " અલ્યા ! કેમ ભાગો છો ? " એકે જવાબ દીધો " રૂપાલની માથે મોત મંડાણું છે. " યુવાને પુછયું " કેમ ? " જવાબ મળ્યો, મરાઠાઓ ગામને લુટવા આવ્યા છે. " યુવાને કહ્યું " એમાં નાશી જવાનું હોય કોઈએ કીધું " શું મરવા ઉભા રહીએ ? " યુવાને કહ્યું " પાછા વળો આપણે ઘોડાવાળાઓને નશાડી મુકીશું " પણ ગામના માણસો મરાઠાઓની ધાકથી થર થર ધ્રુજતા હતા. આખર જુવાને મારગ મોકળો કરી દીધો અને ગામના પાદરે આવ્યો

બસ્સો મરાઠાઓ ચમકતી તલવારો અને ભાલાઓ લઇને કતારબંધ ઉભા છે. મરાઠા કહે છે " અમારી ચોથ ભરો " પણ કોઇ જવાબ આપતુ નથી.

યુવાન ગામમાં ગયો કોઇ દેખાતુ નથી પોતાના ઘરે ગયો. અને ત્રણ નાના ભાઈઓને તૈયાર કર્યા. ચાલો મરાઠાઓને જવાબ આપવાનો છે. મોટાભાઇની આજ્ઞા મળતાં જ તરત જ બાકીના ત્રણે ભાઈ તૈયાર થયા. ફરિશ્તા જેવા લાગતા આ ચારે સૈયદ જુવાનીઆઓના ચહેરા પર યુવાનીનું ખમીર તરવરી રહ્યું હતું કે ચ્યામાં રૂપાલની રખવાળી કરવાની તમન્ના હતી. હાથમાં ભાલાઓ

લઈ ઘોડે સ્વાર થયા મોટા ભાઇએ એટલે હાજી સૈયદે સીપેહ સાલારી કરી અને મરાઠાઓની સામે રૂઆબ ભેર આવીને ઉભા રહયા.

મરાઠાઓનો મોવડી બોલ્યો "અલ્યા કોણ છો?" જવાબ આપ્યો "સૈયદ છીએ." કેમ આવ્યા છો? મોટાભાઇએ કીધું "જવાબ આપવા માટે આવ્યા છીએ." મોવડી કહે "તમારી પાસે શું જવાબ છે?" સૈયદ હાજીએ કીધું કે "રૂપાલ મુકીને ચાલ્યા જાવ." મરાઠા સરદારે પ્રશ્ન કર્યો "કેમ?" સૈયદ જુવાને જવાબ દીધો "અમારા દેહમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી તમને કંઈજ નહિ મળે." મોવડી બોલ્યો "ચોથ લિધા વિના પાછા નહિ ફરીએ."

સૈયદ હાજીએ સ્પષ્ટ સંભળાવી દીધું કે "એક કોડી પણ નહિ મળે."
સરદાર બોલ્યો "છોકરાઓ પાછા ફરો."

હાજીએ કહ્યું "નમતુ જોખવું એ અમારા ખમીર માટે શરમ જનક કહેવાય." મરાઠાના સરદારે કહ્યું કે "જોયું છે. આ લશ્કર!" સૈયદ હાજીએ જવાબ દીધો હા, એ અમને મારી નાખશે, મોવડીએ કીધું કે પાછા નહિ ફરો તો એમજ થશે અને હુકમ કર્યો લશ્કરને કે વધો આગળ અને લુંટી લો રૂપાલને.

હુકમ છુટતાની સાથે જ ચારે ભાઇઓના ભાલા વિંઝાવા લાગ્યા ૨૦૦ નું ટોળુ ભાગવા માંડયુ. ચાર સાદાત યુવાનોએ તરખાટ મચાવી દીધો. મરાઠાઓમાં નાશ ભાગ શરૂ થઈ. તેમના ટોળાના ચાર ટૂકડા થઇ ગયા. સૈયદ હાજીએ એકનો પીછો કર્યો અને રૂપાલના સીમાડામાં શહાદતનો પ્યાલો ગટગટાવી ગયા. બીજાએ ચીયાડા સુધી દુશ્મનો

ને હાંકયા અને તે પણ અલ્લાહનો પ્યારો બની ગયો. ત્રીજાએ કેરાળા સુધી મનાફાઓને તગડયા અને શહીદી વહોરી, ચોથા સીંધરજ ગામમાં શહીદ થયા. આ ચારે સૈયદ ભાઈઓએ ગામ અને કૌમની હિફાઝત માટે પોતાની જાનની કુરબાની આપી અને શહાદતનો મહાન મર્તબો હાસિલ કર્યો.

રૂપાલની સીમમાં આરામ ફરમાવી રહેલા હઝરત સૈયદ હાજી પીર (રહેમતુલ્લાહઅલયહ) નો ઉર્સ મુબારક સફર માસની અગીયારમી તારીખે દર વર્ષે ખુબ ધામધુમથી ઉજવાય છે. ૧૦ મી સફરની સાંજની દરગાહ શરીફ પર રોશની કરવામાં આવે છે. ત્યારબાદ ઈશાંની નમાઝ પછી કુરઆન ખ્વાનીનો સીલસીલો મધરાત સુધી જારી રહે છે. તે પછી મઝાર શરીફ સંદલ, ચાદર અને ગિલાફ ચઢાવવાની મુબારક રસમ અદા કરવામાં આવે છે. સલાતો સલામ બાદ ન્યાઝનું વિતરણ કરવામાં આવે છે. અગીયારમીના દિવસે દરગાહ શરીફ પર માનવ મેદની ઉભરાય છે. ઉર્સનું શાનદાર દ્રશ્ય જોવા મળે છે. બપોરે દરગાહ પર ન્યાઝ તકસીમ કરવા આવે છે. સવારથી સાંજ સુધી લોકોની ભીડ જામેલી રહે છે. રૂપાલ સિવાય અમદાવાદ, ધોળકા અને આજુબાજુ તેમજ દુરદૂરથી લોકો ફૈઝ હાંસિલ કરવા હઝરત હાજી પીર બાવાના દરબારમાં હાજરી આપે છે.

અનેક દુઃખીઓ અને પીડીતો પોતાના મનની મુરાદો હઝરતના વસીલાથી મેળવે છે અને અનેક હઠીલા રોગોનો નિકાલ પણ હાજી પીર બાવાના નિગાહે કરમથી થઈ જાય છે. દર જુમેરાત (ગુરૂવાર) અને ચાંદરાત પર પણ અનેક હિન્દુ-મુસલમાન શ્રધ્ધાળુઓની મેદની આવે છે. ચિયાડા, કેરાળા અને સીંધરજ ગામમાં આવેલ બુઝુર્ગોનો પણ ઉર્સ મનાવવામાં આવે છે. રૂપાલની

અંજુમને ઇસ્લામ કમિટીના દરેક કાર્યકર્તાઓ અને ગામના નવયુવાનો આ કાર્યમાં ખુબજ રસપૂર્વક મહેનત અને ઝહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવે છે. તેમની આ મહેનત પાછળ અવલીયાએ કેરામની મહોબ્બત અને અકીદત છુપાયેલી છે. તેની સાબિતી રજૂ થાય છે.

ઈ. સ. ૧૯૮૧ પહેલા હઝરત હાજી પીર બાવાની દરગાહ શરીફ પર વર્ષો જૂનુ નાના કદનું ઘુમ્મટ હતું પણ તેને સમારકામ કરવાની જરૂર પડતા રીપેર કરવાની કમિટિના સભ્યોએ નક્કી કર્યું અને ગામમાંથી સારો સહકાર મળ્યો અને નવજુવાનોએ મહેનત કરી. તેનું પરિણામ આજે હઝરત હાજી પીરની દરગાહ પર બંધાયેલ વિશાળ મકબરામાં પરિણમ્યું. અને એક ઐતિહાસિક ઇમારત રૂપાલના સીમાડામાં ઉભી થઈ ગઈ.

# ઉર્સની સાબિતી

ઉર્સની સાબિતી હદિષ અને ફિકહની માન્યવર કિતાબોથી સાબિત થઈ છે. ઉર્સ શબ્દ હદિષ શરીફના આ વાકયથી નકલ કરવામાં આવ્યો છે. "નમ કનૌમતિલ ઓરૂસ" કબ્રમાં ખુદાના નેક બંદાઓને ફરિશ્તાઓ કહે છે. દુલ્હનની માફક આરામ અને રાહત સાથે સુતો રહે. આ હદિષના આધારેજ અંબિયા અલયહિમુસ્સલામ અને અવલિયાએ કેરામ ના વિશાલ દિવસને (વફાત દિનને) ઉર્સ કહે છે. જો કોઇ બુઝુર્ગના વિશાલના દિવસે ફૈઝ પ્રાપ્ત કરવા માટે તેમના સ્નેહિઓ-મિત્રો, મુરીદો, સગાં વ્હાલાઓ મઝાર પર એકત્ર થઈને વિશાલના દિવસે ઉર્સની ખુશી મનાવેતેમાં તો કોઇ પ્રકારની શરઈ ખરાબી નથી બલ્કે શરીઅતની

રૂએ આ ફેલ (કાર્ય) મુસ્તહસન (ઉત્તમ) અને અનુકરણ યોગ્ય છે. તદઉપરાન્ત તેમના મઝાર પર હાજર થઈને કુરઆને પાકની તિલાવત કરીને તેનો સવાબ તેમની રૂહને બખ્શવું અને તેમનાથી ફેઝ અને બરકત પ્રાપ્ત કરવુ, શીરીની વિગેરે ફાતેહા પઢીને લોકોમાં વહેંચવું પ્રિય અમલ છે.

(૧) "મુખ્ખુલ મઆની" નામની કિતાબમાં ઝુબ્દતુલ આરેફીન હઝરત સૈયદ શાહ શરફુદ્દિન અહમદ યાહયા મુનીરી (રહેમતુલ્લાહઅલયહ) લખે છે કે રસુલ્લાહ [સલલ્લાહો અલયહે વ સલ્લમ] ના વિશાલ બાદ બારમા દિવસે અમીરૂલમોમેનીન હઝરત સિદ્દીકે અકબર (રદીયલ્લાહો અન્હો) એ મોટા પ્રમાણમાં ખાણું પકાવ્યું. આથી લોકો તેમને પુછવા લાગ્યા આજે શુ છે? આજે શું છે? જેમને ખબર હતી તેમણે જવાબ આપ્યો કે "અલયવમો ઉર્સો રસુલિલ્લાહ" "અલયવમો ઉર્સો રસુલિલ્લાહ" [આજે રસુલિલ્લાહનો ઉર્સ છે, આજે રસુલિલ્લાહનો ઉર્સ છે.[ આથી સાબિત થયું કે સહાબાએ કિરામે રસુલેખુદા [સલલ્લાહો અલયહે વ સલ્લમ] નો ઉર્સ મનાવ્યો હતો. જો ઉર્સ જાએઝ ના હોત તો સહાબા આ રીતે હુઝુરનો ઉર્સ શા માટે મનાવત?

[૨] "તફસીર દૂર્રે મન્સુર અને તફસીર કબીર" માં છે કે હઝરત અનસ [રદીયલ્લાહો અન્હો] થી રિવાયત છે કે હુઝુર દરેક વર્ષની શરૂઆતમાં શોહદાએ ઓહદના મઝારો પર તશરીફ લઈ જતા હતા. ત્યાર પછી ખુલફાએ રાશેદીન પણ જતા હતા. આથી સાબિત થયું કે હુઝુર અને સહાબા એક ખાસ દિવસે શહીદોના મઝાર ઉપર જતા હતા.

[૩] "ઝુબ્દતુન નસાએહ" માં છે કે હઝરત મૌલાના શાહ

અબ્દુલઅઝીઝ મુહદ્દીસ દહેલવી [રહેમતુલ્લાહ અલયહ] લખે છે કે, ઉર્સનો દિવસ જો મૈયતની દૂઆ માટે અથવા યાદ દેવડાવવા માટે હોય તો વાંધો નથી. એ ફતવા માંજ બીજી જગ્યા એ લખે છે કે વર્ષના અંતે એક દિવસ નક્કી કરીને સંગઠીત રીતે કેટલાય લોકો ભેગા થઈને કુરઆન શરીફનો ખત્મ કરે. અને શીરીની અથવા ખાણા પર ફાતેહા પઢીને હાજર રહેલા લોકોમાં વહેંચી દે તો તેમાં કાંઈ વાંધો નથી, આનાથી જીવતાઓ અને મુર્દાઓને ફાયદો પહોંચે છે. આ તમામ દલીલો થી ઉર્સ મનાવવો નિ:શંક જાઈઝ સાબિત થાય છે. [હવાલા કરફુલ હકાઈક પાન નં ૭૬]

# કબ્રો ઉપર ચાદર ચઢાવવાની સાબિતી

મહાન ફુકહા અને ઉલમાઓની દષ્ટિએ અવલીયા અલ્લાહ બુઝુર્ગોના મઝારો ઉપર ગિલાફ નાખવું. ચાદર ચઢાવવું જાઈઝ છે. ફિકહની કિતાબો અને હદિષો પરથી એ સાબિત છે. સરકારે દો આલમ [સલલ્લાહો અલયહે વ સલ્લમ] અને પહેલા ખલીફા હજરત સિદ્દીકે અકબર [રદીયલ્લાહો અન્હો] અને બીજા ખલીફા હજરત ઉમર ફારૂક [રદીયલ્લાહો અન્હો] ના મઝારો ઉપર ગિલાફ ચઢેલા હતા. જે હદિષ અને ફિકહની કિતાબોથી સાબિત છે.

[૧] "અબુદાઊદ શરીફ" માં હઝરત કાસિમ [રદીયલ્લાહો અન્હો] ખલીફાએ અવ્વલના પૌત્રથી રિવાયત છે કે મેં મારા ફોઈ હઝરત આયેશા [રદીયલ્લાહો અન્હો] ને કહ્યું કે હુઝુર નબીએ કરીમ [સલ્લાહો અલયહે વ સલ્લમ] અને ખલીફાએ અવ્વલ અને ખલીફાએ દોયમની કબ્રો પરથી મારા માટે ગિલાફ હટાવી દો જેથી કરીને હું

તેમની કબ્રોની આકૃતિને જોઈ લઉ. તેમણે ત્રણે કબરો પરથી ગિલાફ હટાવી દીધા. મેં તે કબ્રોના દિદાર કર્યા. ન અધિક ઉંચી હતી ન બહુ નીચી હતી. તેના ઉપર મોજે અરસના લાલ પત્થરના ટુકડા બિછાવેલા હતા. આ હદિષથી સાબિત થયું કે હુઝુર અને ખલીફાઓના મઝાર પર ગિલાફ ઓઢાડેલા હતા અને આ ગિલાફો નાખનારા સહાબાજ હશે તેમાં કોઈ શંકા નથી.

[૨] કિતાબ "કશ્ફુન્નુર" માં હઝરત ઇમામ નાબ્લિસીએ અંબીયાએ અને અવલીયાઓના મઝારો પર ચાદર ચઢાવવાના જાઈઝ હોવા બાબત પર ઘણીજ દલીલો રજૂ કરી છે. અવલીયાએ કેરામના મઝારો પર ચાદર નાખવા પાછળનો ધ્યેય ફક્ત તેમના મઝાર મુબારક ની તાઅઝીમ પુરતો છે. ઝિયારત કરનાર દિલથી મઝાર સામે અદબથી ઉભો રહે અને તાઅઝીમ કરે. આથી મઝારની તૌહીન ન થાય તે માટે બુઝુર્ગો ના મઝાર પર ચાદર (ગિલાફ) ચઢાવવા જાઈઝ છે.

[કશ્ફુલ હકાઇક પાન નં. ૫૦]

# કબ્રો ઉપર ફુલ મુકવાની સાબિતી

ફુલ વનસ્પતિ રોકી તર ચીઝ છે. જયાં સુધી તેનામાં તરી [ભીનાશ] છે. તે જીવતાના હુકમમાં છે. તે અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે. જેવું કે કુરઆન શરીફથી માલુમ પડયું છે. અલ્લાહનો ઇરશાદ છે. "વ ઈન મિન શૈઈન ઇલ્લા યુસબ્બે હો બે હમ્દેહી" અર્થાત તમામ ચીઝો અલ્લાહની તસ્બીહ કરે છે. જયારે ફુલ અથવા તર ચીઝ કબ્ર ઉપર નાખવામાં આવે તો

તસ્બીહ કરશે અને તે તસ્બીહથી કબ્રવાળાને ફુંક મળશે અને તેનાથી આનંદ થશે.

[૧] હઝરત ઈબ્ને અબ્બાસ [રદીયલ્લાહો અન્હો] થી રિવાયત છે કે એકવાર સરકારે દો આલમ [સલ્લાહો અલયહે વ સલ્લમ] બે કબ્રો પાસેથી પસાર થયા. બન્ને કબ્રવાળા ઉપર અઝાબ થઈ રહ્યો હતો. આપે ખજૂરીની એક ડાળી મંગાવી અને ડાળીને વચ્ચેથી ચીરીને અડધી અડધી બન્ને કબ્રો ઉપર નાખી દીધી અને ફરમાવ્યું જ્યાં સુધી આ તાર [ભીની] રહેશે ત્યાં સુધી તેમની તસ્બીહની બરકતથી કબ્રવાળાના અઝાબમાં કમી [ઘટાડો] થશે. [મુસ્લિમ-બુખારી]

(૨) હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિસ દહેલવી (રહેમતુલ્લાહ અલયહ) મિશ્કાતની શરેહ "અશઅતુલ લમઆત" માં લખે છે કે લોકોએ આ હદિષ પરથી જ કબ્રો ઉપર ફુલ મુકવાની દલીલ પકડી છે. અને તહાવીમાં છે કે અમારા અગાઉના કેટલાક ઈમામોએ ફતવો આપ્યો છે કે અમારા જમાનામાં કબ્રો ઉપર ફુલ અને લીલી ડાળીઓ નાખવાનો જે રિવાજ છે તે સુન્નત છે. અને તે અગાઉની હદિષથી સાબિત છે. "કન્ઝુલ એબાદ" "ફતવાએ ગરાઈ" અને "ફતવાએ નહદિયા" માં છે કે ગુલાબ વિગેરેના ફુલ કબ્રો પર નાખવા સારા છે. જ્યાં સુધી તે તાજા રહેશે ત્યાં સુધી અલ્લાહની તસ્બીહ કરશે અને સાહેબે કબ્રને તેનાથી ફાયદો થશે. આ તમામ દલીલોથી કબ્રો ઉપર ફુલ મુકવા સાબિત થાય છે.

(ફકીહ હકાઈક પાના નં. ૬૨)

# મઝારો પર રૌશની કરવાની સાબિતી

અવલીઆ અલ્લાહના મઝારો પર અથવા કોઈ જગ્યાએ રૌશની કરવી જો કોઈ ઉત્તમ ધ્યેયના કારણે હોય તો નિઃશંક જાએઝ અને મુસ્તહસન (સારુ કાર્ય) છે. ઉત્તમ ધ્યેય (હેતુ) ના ત્રણજ દ્દષ્ટાંત છે. જેવા કે,

(૧) મઝારની નજદીકમાં કોઇ મસ્જિદ હોય અને ત્યાં રૌશની કરવાથી મસ્જિદ રૌશન થશે અને તે રૌશનીથી નમાઝીઓને પણ લાભ થશે.

(૨) જો મઝાર જાહેર રસ્તાની નજીક હોય અને ત્યાં રૌશની કરવાથી રાહદારીઓને લાભ પહોંચશે. અને મુર્દાઓને પણ કારણ કે ત્યાંથી પસાર થનાર મુસલમાન ફાતેહા પઢશે દુઆએ મગફેરત કરશે, અને સવાબ પહોંચાડશે આવા હેતુથી રૌશની કરવાથી બીજાને ફાયદો છે. આ પણ એક સરસ હેતુ (ધ્યેય) છે.

(૩) મઝારે પર રૌશની કરવાથી ઝિયારત કરવા આવનાર કુરઆનેપાક પઢી શકે તે પણ બન્ને માટે ફાયદા કારક હોવાથી મઝારો પર રૌશની કરવી જાઈઝ છે.

કુરઆનેપાકમાં અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે કે "ઈન્ન ઝૈયન્નસમાઅદ્દુન્યા બે મસાબીહ" અમોએ આકાશી દુનિયાને ચિરાગો (દીપકો) થી શોભા આપી આ ઉપરથી માલુમ પડયું કે ચિરાગોનું રૌશન-કરવું ઝિનત-શોભાનું કારણ છે. ઝિનતની હુરમત (પ્રતિષ્ઠા) માં કોઈ કુરઆનની આયતથી બુરાઈ વારીદ નથી.

આ આયતના: ખુલાસામાં તફસીર રૂહુલ બયાનમાં જે ઇબારત છે તેનો તરજુમો આ પ્રમાણે છે "અલ્લાહ તઆલાએ આસ્માનની શોભા તારાઓથી ફરમાવી છે. તો બંદાઓએ જોઈએ કે મસ્જિદોની ઝિનત ચિરાગો અને કંદિલોથી કરે. એટલા માટે કે ખૈર-ભલાઇમાં ઈસરાફ નથી [ફુઝુલ ખર્ચ નથી] ત્યાર પછી લખે છે કે અવલીયા અલ્લાહના મઝાર પર કંદિલો અને ફાનસ રૌશન કરવા તેમની તાઅઝીમ અને જલાલ માટે છે. ઝયતુનનું તેલ અને શમ્અ મઝારની પાસે સળગાવવું તેમાં પણ મહોબ્બત તથા તાઅઝીમ નીકળે છે. જ્યારે મકસદ ઉત્તમ હોય તો તેનાથી હરગીઝ મના કરવું જોઇએ નહિં.

ઉપરોક્ત તફસીરથી જાણવા મળ્યું કે રૌશનીને દ્વારા ઝિનત શોભા કરવું જ્યારે કે તેમા તાઅઝીમ શાન અને મહોબ્બતની ઇચ્છા હોય તો અને સાચો ધ્યેય હોય તો નિષેદ (વાંધો) નથી.

[કશ્ફુલ હકાઈક પાન નં. ૧૦૦]

# નિયાઝ અને ફાતેહાની સાબિતી

પ્રચલિત ફાતેહા જેમાં ખાણું, શીરીની વિગેરે સામે રાખીને કુરઆન શરીફ પઢીને કોઇ મોમીનની રૂહને સવાબ બખ્શવામાં આવે છે તે સરકારે દો આલમ (સલલ્લલાહો અલયહે વ સલ્લમ) સહાબાએ કેરામ, ઉલ્માએ સાલેહીન, ફુકહાએ કેરામ, મુહદ્દિસો અને મુફસ્સીરોના કાર્યોથી સાબિત છે. અને એટલે સુન્નત વ જમાઅત એટલે સુન્નીયોનો મઝહબ છે. કે, શારીરિક ઇબાદત જેવી કે,

નમાઝ, રોઝા, હજ્જ વિગેરે અને બાકી ઈબાદત જેવું કે ગોશ્ત, રોટી, કાવો, શીરીની, હલવો, કપડાં વિગેરે અન્નેનો સવાબ જેને બક્ષી દેવામાં આવે તેને મળે છે. ફિકહની મશહૂર નામ કિતાબ "હિદાયાહ" માં છે કે જે ઈન્સાન પોતાની નમાઝ, રોઝા, સદકા વિગેરેનો સવાબ કોઈને બક્ષવા ચાહે તો અહેલે સુન્નત વ જમાઅત (સુન્ની) ની દ્રષ્ટિએ જાઈઝ છે.

(૧) હઝરત અબૂ હુરૈરાહ (રદીયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ ફરમાવ્યું કે જે શખ્સ કબ્રસ્તાનમાં દાખલ થાય અને સુરએ ફાતેહા, સુરએ ઈખ્લાસ અને સુરએ તકાસુર પઢીને અરઝ કરે કે હે અલ્લાહ ! મેં તારા કલામનો સવાબ આ કબ્રસ્તાનના મોમેનીન અને મોમેનાતને બખ્શ્યો તો તે મુરદાઓ અલ્લાહ પાસે તેની શફાઅત કરશે.

(શહુંસોદુર)

(૨) હઝરત અલી (રદીયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે જે શખ્સ કબ્રસ્તાનમાં થઈને પસાર થાય અને અગીયાર વખત સુરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ) પઢીને તેનો સવાબ મુરદાઓને બખ્શી દે તો મુરદાઓની સંખ્યા પ્રમાણે તે શખ્સને સવાબ મળશે.

[કન્ઝુલ ઉમ્માલ]

(૩) અલ્લામા હઝરત અલી કારી હન્ફી (રહેમતુલ્લાહ અલયહ) એ પોતાના ફતવા "ગોઝ જન્દીયા" માં હદિષ નકલ કરી છે. જ્યારે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના દિકરા (પુત્ર) હઝરત ઈબ્રાહીમના ઈન્તકાલનો ત્રીજો દિવસ થયો તો હઝરત

અબુઝર (રદીયલ્લાહો અન્હો) એક પ્યાલામાં દુધ, જવની રોટી અને ખારેક લાવીને હુઝુરની સામે મુક્યું આપે તેના પર એક વખત સુરએ ફાતેહા (અલ્હમદો) અને ત્રણ વખત સુરએ ઇખ્લાસ (કુલહોવલ્લાહ) પઢીને અને હાથ ઉઠાવીને દુઆ કરી અને પછી હાથ પોતાના ચહેરા પર ફેરવી લીધા. અને ફરમાવ્યું "આનો સવાબ મારા બેટા ઈબ્રાહીમને બક્ષી દીધો." પછી આપે અબુઝર (રદીયલ્લાહો અન્હો) ને ફરમાવ્યું કે તમે આને આપસમાં વહેંચી લો.

[કશ્ફુલ હકાઇક પાન નં. ૧૯]

આ તમા દલીલોથી ફાતેહા પઢવું અને નિયાઝ કરવું જાઈઝ સાબિત થાય છે. જેમાં કોઈ શંકા નથી. નિયાઝ કરતી વખતે ફાતેહામાં ખાસ પઢવામાં આવતી જરૂરી સુરતો અહિયાં આપવામાં આવે છે. જેથી વાંચક વર્ગ ફાયદો મેળવી શકે.

## —: દરૂદ શરીફ :—

### બિસ્મીલ્લા હીર્રહમા નીર્રહીમ

**સલલ્લાહો અલન્નબિય્યીલ ઉમ્મી વ આલેહિ સલલ્લાહો અલયહે વ સલ્લમ સલાતંવ્વ વ સલામન અલયકા યા રસુલલ્લાહ.**

### સુરએ ઇખ્લાસ

### બિસ્મીલ્લા હીર્રહમા નીર્રહીમ

કુલહોવલ્લાહો અહદ અલ્લાહુસ્સમદ લમયલિદ, વલમ યુલદ, વલમ

યુકુલ્લહુ કુફુવન અહદ.

## સુરએ ફલક

### બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

કુલ અઉઝુ બિ રબ્બિલ ફલકિ, મિન શર્રિ મા ખલક, વ મિન શર્રિ ગાસિકિન ઇઝા વ-કબ વ મિન શર્રિન નફ્ફાસાતિ ફિલ ઉકદિ વ મિન શર્રિ હાસિદિન ઈઝા હ-સદ.

## સુરએ નાસ

### બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

કુલ અઉઝો બિ રબ્બિન્નાસિ, મલેકિન્નાસે, ઇલાહિન્નાસે, મિન શર્રિલ વસ્વાસિલ ખન્નાસિલ્લઝી યુ વસવીસુ ફી સોદુરિન્નાસે મિનલ જિન્નતે વન્નાસ.

## સુરએ કાફેરૂન

### બિસ્મીલ્લાહીર્રહમાનીર્રહીમ

કુલ યા અઈયુહલ કાફેરૂન લા આઅબુદુ માતાબુદુન વલા અન્તુમ આબિદુના માઅઅબુદ. વલા અના આબિદુમ મા અબત્તુમ વલા અનતુમ આબિદુના મા અઅબુદ લકુમ દી નકુમ વલેયદીન.

## સુરએ ફાતેહા

### બિસ્મીલ્લાહહીર્રમાનીર્રહીમ

અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન અર્રહમાનીર્રહીમ માલિકિ

પત્તમિહીન. ઈય્યાકા નઅબુદુ, વ ઈય્યાકા નસ્તઈન. ઈહદિ નસ્સિરાતલ મુસ્તકીમ, સિરાતલ લઝીના અન્અમ્તા અલયહિમ ગયરિલ મગદુબિ અલયહિમ વલદ્દાલિન (આમીન)

## -: દરૂદ શરીફ :-

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મુહમ્મદીંવ વ અલા આલે સૈયદેના મુહમ્મદીંવ વબારિક વ સલ્લિમ.

સવાબ બખ્શવા માટે આ પ્રમાણે કહેવું જોઈએ કે અય અલ્લાહ ! મેં કુરઆને પાકની જે સુરતો અને આ દરૂદ શરીફ પઢયું છે. તેને સવાબ હું મારા આકા અને મૌલા હુઝુર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તુફા (સલલ્લાહો અલયહે વ સલામ) ની હઝ બારકને નઝરાને અકીદત પેશ કરુ છું અને સાથે સાથે તમામ અંબીયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીનને અને ખાસ કરીને જે બુઝુર્ગને બખ્શવાનું હોય તેમનું નામ લેવું અને ત્યારબાદ ફરીથી દરૂદેપાક પઢીને આ આયત પઢી લઈ બન્ને હાથ ચહેરા પર ફેરવી લેવી.

સુબ્હાન રબ્બેકા રબ્બિલ ઈઝ્ઝતે અમ્મા યસેફુન વસ્સલામુન અલલ મુરસલીન વલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન બે રહમતેકા યા અર હમર રાહેમીન.

[ફકત અલ્લાહ બહેતર જાણનાર છે.]

# વાંચકો લખે છે....

જનાબ કાઝી સાહેબ, એચ. જી. બાદ સદહા આદાબ સાથે લખવાનું કે આપની કિતાબ "નઅત સંગ્રહ" મોકલી હતી તે અમોને તા. ૩-૪-૮૪ ના રોજ મળી, તે કિતાબ પઢી હું ખુશ થઈ આવા સુંદર નઅત, અને સલામ પ્રકાશીત કરવા બદલ મુબારક પેશ કરૂ છું. સંસ્થા "તરક્કી-એ-ઇસ્લામ" તેલાવને ખુદા ઘણાજ તરક્કી-આપે-આમીન.

લિ.

કુમારી સૈયદ મદીનાબીબી

C/o. સૈયદ અમીરઅલી અબ્દુલ્લામીયાં

મુ. પેટલાદ

તા. ૫-૪-૮૪

સલામ બાદ આજ રોજ આપની ટપાલ મળી વાકેફ થયો અને હું આ નેક કામમાં આપને મારો બનતો સાથ સહકાર આપીશ, ઈમદાદની રકમ આપની સંસ્થા સુધી પહોંચાડવાની મારી જવાબદારી સમજીશ અને અલ્લાહ મને આ નેક કામમાં સફળતા અર્પે એવી દુઆ કરૂં છું. અને આપને દુવા કરવા પણ કહું છું. ખુશ-નશીબ એ લોકો જેઓને આવી દીની ખીદમતનો અવસર સાંપડે છે. અલ્લાહ આપના જાઈઝ અમલને કબુલ ફરમાવે અને આપની મહેનતો કોશીષોને શુભ અંજામ આપે. અને તેનો ઉમદા બદલો દુન્યા અને આખિરતમાં અલ્લાહ આપે. આમીન.

લિ.

પટેલ દાઉદ ઈસ્માઇલ ટેલર

મુ. દહેગામ

તા. ૧-૨-૮૪

૭૮૬/૯૨

# રૂબી જરી આર્ટ

હરેક જાતના કાપડ પર આરી ભરતનું ફેન્સી કામ કરનાર
ઓઢણા, સાડીઓ, તેમજ ઓર્ડર પર બનાવી આપનાર

## પ્રો :- સૈયદ મોહમ્મદ ફારૂક કાદરી

૨/૨૯૨૦ સગરામપુરા, ગોલકીવાડ, સુરત-૨

## -: અમારી તમન્ના :-

બિરાદરાને ઇસ્લામ

અમારી એક તમન્ના એ છે કે ગુજરાતી ભાષામાં સુન્ની અકાઈદ નું એક પખવાડીક (અર્ધ માસિક) શરૂ કરવામાં આવે છે. આ બાબતે આપ ગ્રાહક બનવા તૈયાર છો. અને અમારી આ યોજના બાબત આપનો અભિપ્રાય એક પોસ્ટ કાર્ડ અમારા નીચેના સરનામે લખી મોકલી આભારી કરશોજી.

આપના જવાબનો અભિલાષી

તરક્કીએ ઇસ્લામ

C/o કાજી એચ. જી.

મુ. પો. તેલાવ, વાયા સરખેજ તા. સાણંદ

જી. અમદાવાદ-૩૮૨૨૧૦

# "તરક્કી-એ-ઈસ્લામ" ના પ્રાણવાન પ્રકાશનો

(૧) શાદીના ખરાબ રીવાજો દુર કરો. (સ્ટોકમાં નથી)
(૨) દુન્યા પર આફતો કેમ? (સ્ટોકમાં નથી)
(૩) હઝરત મીરા સૈયદ દાતાર (રહે.) (સ્ટોકમાં નથી)
(૪) મૌલાએ કાએનાત હ. અલી (રદી.) કિંમત ૨=૨૫
(૫) મોમીનની મએરાજ કિંમત ૩=૦૦
(૬) નઅત સંગ્રહ કિંમત ૨=૫૦
(૭) શાદી પહેલાં? કિંમત
(૮) હ. શહીદ હાજી પીર (રૂપાલ)

આપની ઈમદાદ યા જાહેરાત નીચેના સરનામે મોકલો.

(૧) પીરઝાદા સૈયદ દાદામીયા એસ. કાદરી
મુ. રૂપાલ વાયા. બાવલા તા. ધોલકા જી. અમદાવાદ.
પીન ૩૮૨૨૨૦

(૨) મલેક કાળુભાઈ કાસમભાઈ
મુ. નદાણા તા. કડી, જી. મહેસાણા વાયા. અગોલ
પીન ૩૮૨૧૬૫

ઈસ્લામે સવાબ અર્થે મઝહબી કિતાબો પ્રગટ કરવા ઈચ્છતા ભાઈઓ "તરક્કી-એ ઈસ્લામનો સંપર્ક સાધે.